# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નિષ્ક્રીય યંત્રે, તરવરાટનું રેડાય છે તેલ!
સામાજિક શોષણની ઘાણીમાં પિલાય છે તેલ!
રેડાય છે તેલ સત્તા માટે સળગતી મશાલે -
ને સરમુખત્યારીના પેટમાં રેડાય છે તેલ..!

## હાઈકુ

કોઇની ટોપી!
રથ-યાત્રા-મેળા, - ને
ઉત્સવો માથે!

આત્મ છલના,
શાહમૃગી સંતોષ,
ટેલી-ભાષણ

## ચિંતન

**પ્રજાનં રક્ષેયધસ્તુ રાજા રક્ષાદિભિર્ગુણૈઃ ।**
**અજાગલસ્તનસ્યેવ તસ્ય જન્મ નિરર્થકમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના ત્રીજા અધ્યાય રાજનીતિનો આ શ્લોક છે :

'રક્ષણ વગેરે જેવા ગુણોથી જે રાજા પોતાની પ્રજાનું અને પ્રજાના મનનું રંજન ન કરી શકે તો બકરીના ગળામાં પડેલા ખોટાં આંચળની જેમ જે નકામાં હોય તેમ રાજાનો જન્મ નકામો છે.'

આજકાલ રાહદારી બહેન-દીકરીઓ રસ્તે ચાલતાં અપહરણ થઇ જાય, સોનાના દોરા ઝૂંટવી તોડીને લઇ જાય, બેન્કમાંથી ઉપાડેલી રકમ હાથમાંથી કે ડેકીમાંથી ઉપાડી જાય, ઘરનો દિવસ-રાત રેઢું મૂકાય જ નહીં, ચોર-લૂંટારા ટાંપીને જ બેઠા હોય છે. રાજકીય દુશ્મની કે કૌટુંબિક વેરઝેરમાં સરેઆમ ખૂનખરાબા, ભરબજારે, દીનદહાડે ખૂન થઇ જાય છે, અરે માંડ-માંડ પકડાયેલા ગુન્હેગાર પોલીસના હાથમાંથી, કોર્ટમાંથી ફરાર થઇ જાય, કાયદો-ન્યાય-સુરક્ષા પોથીમાં ભરેલાં રીંગણા જેવી હાલત છે.

સરકાર-સચિવાલય જે કામ માટે ચૂંટાયા છે એ વ્યવસ્થા-વિકાસ-સુતંત્ર ચલાવવાને બદલે પોતાને બજાવવાની ફરજોનું લીલામ કરી કમિશન ખાઇ 'ખાનગી' એજન્સીઓને ચરી ખાવા આપી દે છે. આ સરકાર શોભાનાં ગાંઠીયા જેવી, બકરીના ગળામાં હોય તેવું માત્ર શોભાનું આંચળ જ છે..

ચૂંટણી-લોકસેવા-કર્તવ્યને બદલે ચૂંથણી - કમિશન અને કૌભાંડ એમની ફરજ થઇ ગઇ છે.

## સુવિચાર

- આળશ એટલે નસીબને લાગેલો થાક - **હિચકોક**
- પ્રવૃતિ વિનાનો માણસ શિથિલ થઇ જાય છે, તેનું ચિત્ત અને બુધ્ધિ આળશુ થઇ જાય છે - **જયશંકર પ્રસાદ**
- આળશથી કટાઇ જવા કરતાં મહેનતથી ઘસાઇ જવું સારું - **એમર્સન**
- 'આળશ' એ આત્મહત્યા જ છે એનાથી 'માણસ' તો મરી જ જાય છે પછી ભલે એમાં પશુપણું જીવતું હોય! - **સિસેરો**
- આળશ એટલે મૂર્ખાઓ એ જાહેર કરેલું વેકેશન - **રોસ્ટર ફિલ્ડ**
- 'આળશ' ઘણાં બધાં દુ:ખ-દર્દો-રોગોના સમૂહનું એક નામ છે - **રિસ્ટર**
- શેતાન, સારા આળશુઓમાંથી જ પોતાનો પ્રિય શિષ્ય પસંદ કરે છે - **ફેરેન્ડન**

## બોધકથા

રાજા નમ્ર અને વિવેકી હોવો જોઇએ એનો ચહેરો સદાય હસતો જ હોય, ક્રોધ તો તેના હજારો કોસ દૂર રહેતો હોય, ક્ષમા એનું ભૂષણ હોવું જોઇએ.

રાજા વિશાલસિંહ નમ્ર-વિવેકી અને સદાચારી રાજા હતો, પણ તેનો પુત્ર દલવીરસિંહ ખૂબ જ અવિવેકી-ઉગ્ર અને કટુવચન બોલતો હતો.

રાજાને વિચાર આવ્યો કે આ કુમાર આવો ક્રોધી અને કડવું બોલનાર છે તો એને કોઇ સંત-મહાત્મા પાસે વિદ્યાભ્યાસ માટે મોકલું.

ઋષિ પાસે જઇ બાળકનાં ક્રોધી-અવિવેકી સ્વભાવની વાત કરી, કુંવરને ઋષિને સોંપી દીધો. ઋષિએ એને અનેક વિદ્યામાં પારંગત બનાવ્યો. અને વિદાયનો સમય થયો.

ઋષિ એને આશ્રમના ઉપવનમાં લઇ ગયા અને એક નાના છોડમાંથી બે-ચાર પાન તોડી ચાવવા કહ્યું, રાજકુમારે પાન તોડી આવ્યાં. ખૂબ જ કડવાં હતાં. થૂં-થૂં કરી થૂંક્યા અને ક્રોધમાં એ છોડ જ ઉખેડી ફેંકી દીધો!

ઋષિ કહે - કુમાર તમે વિદ્વાન તો છો જ પણ સાથે તમારી જીભ કડવી અને કડછી છે. હજી તમે નાનો છો, જયારે રાજા થશો અને આવી વાણી બોલશો તો પ્રજા પણ તમને (ચૂંટણીમાં) ઉખેડીને ફેંકી દેશે..

રાજકુમારને આ વાતની અસર થઇ, અને નમ્ર-વિનયી થઇ રાજયમાં પરત ફર્યો.

# એમને મન મહત્તા સોનાના ઇંડાની હતી, મરઘીનું જે થવાનું હોય તે થાય

## હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

'આ સરોગેટ મધર એટલે શું ડેડ?' છાપામાં એક કમનસીબ સ્ત્રીના કરૂણ અવસાનનો ઘટનાક્રમ વાંચી હું પૂછી બેઠી. છાપામાં આ ઘટના છપાયા પછી આ કહેવાતી માંગલિક માતૃત્વની કથા પાછળ છુપાયેલી લાચારી અને સ્વાર્થની ધૃણાસ્પદ વાસ્તવિકતા ઊઘડતી જાય છે. સંવેદનશીલ વ્યક્તિઓ આ મુદ્દે વેળાસર જાગે; એ વિશે ગંભીર ચિંતન-મનન કરે અને કોઇની કૂખની ભૂખ ભાંગવા જતાં ચાંદીના ટુકડાઓ ખાતર પેટ વેચતી મજબૂર માતાઓને અન્યાય ન થાય - એ દિશામાં કોઇ ચોક્કસ કાયદો ઘડાય, એવી અપેક્ષા અસ્થાને નથી. માંગતિલતાનું મહોરું પહેરાવી સમાજમાં નીચલા થરના ગરીબ વર્ગની સ્ત્રીની કૂખને કમાણીની ફેક્ટરી બનાવી દેવાઇ છે, તે ખરેખર સમગ્ર સ્ત્રી જાત માટે શરમજનક બાબત નથી શું?

મારા દિલોદિમાગમાં ઊઠતાં આ સવાલોના જવાબ સ્વરૂપે મારા ડેડી (ડો. કેશુભાઇ દેસાઇ) દ્વારા રજૂ થયેલું મૂલ્યવાન ચિંતન 'ગાંધીગનર સમાચાર' ના સુજ્ઞ વાંચકોને સાદર સમર્પિત કરું છું.

'સરોગેટ મધર' હવે ગુજરાતી વાચક માટે અજાણ્યો શબ્દ નથી રહ્યો.

'સરોગેટ' શબ્દ અંગ્રેજી શબ્દકોશમાં વિકલ્પના અર્થમાં સમાવેશ પામ્યો છે. સરોગેટ મધર એ વૈકલ્પિક માતા છે. એમ તો જૂના જમાનામાં રજવાડાંમાં ધાઇમાતાની પ્રથા પણ હતી. રાજકુમારને ધવરાવવા સુધ્ધાંની જવાબદારી આ 'ધાઇમા'ની રહેતી. પન્નાબાઇના ઐતિહાસિક બલિદાનની કથા જાણીતી છે. રાજવંશના રક્ષણ કાજે એણે કાળજાના ટુકડા જેવા પોતાના બાળકનું બલિદાન આપી દીધું હતું.

સરોગેટ મધર તો ધાઇમાતા કરતાં પણ મોટી જવાબદારી ઉપાડે છે. આધુનિક તબીબી વિજ્ઞાને નિ:સંતાન માતા માટે આ નવું વરદાન ઉપલબ્ધ કરાવ્યું છે. એમાં ગર્ભધારણ કરવાની ક્ષમતા નહીં ધરાવતી સ્ત્રીના બીજને એના પતિના શુક્રથી બહાર, લેબોરેટરીમાં ફલિત કરી એ ભ્રૂણ સરોગેટ મધરના ગર્ભાશયમાં રોપવામાં આવે છે. વિજ્ઞાનની અવનવી શોધ માણસના હાથમાં આવતાંની સાથે સ્વાર્થ સિધ્ધિ માટેનું સાધન બની રહે છે, એથી ઘણી સ્ત્રીઓનાં ખાલી ખોળામાં એમનાં જ લોહીના વારસ રમતો થયો છે, એ પણ સાચું, પરંતુ આ આખા ઘટનાક્રમમાં સૌથી વધારે દયનીય સ્થિતિ થોડા રૂપિયા લઇ પોતાની ફળદ્રુપ કૂખ વેચતી પેલી લાચાર સ્ત્રીની થઇ છે. પોતાના પેટનો વરવો વેપાર કરતી એ લાચાર સ્ત્રીને 'સરોગેટ મધર' જેવું રૂપકડું ઇંગ્લિશ નામ આપી દઇ એની મજબૂરી અને એને થતી પીડા પર પડદો પાડી દેવામાં આવે છે. એની 'આબરૂ' સાચવવા એની ઓળખ પણ ગુપ્ત રાખવામાં આવતી હશે. પરંતુ ક્યારેક ભદ્રલોકનું પાપ છાપરે ચડીને પોકારે છે ત્યારે સ્વાર્થી માણસજાતના અસલી ચહેરા પરથી નકાબ હટી જાય છે.

જીવ માત્રને કુદરતી રીતે જ એનો વંશ ચાલતો રહે, એવી વૃત્તિ રહ્યા કરતી હોય છે. એક રીતે આ મૃત્યુ સામેની જ લડાઇ ગણાય. ખબર છે કે સમય સામે કોઇની કારી ચાલવાની નથી - એક દિવસ આ શરીરનો અંત નક્કી છે. પરંતુ જીવની પેલી 'મૃત્યુંજય વૃત્તિ' એનો ઇલાજ શોધીને જંપે છે. પોતે નહીં રહે પણ પોતાનાં પેદા કરેલાં સંતાનો તો રહેશે! આટલું આશ્વાસન કંઇ ઓછું ન ગણાય. અગાઉના જમાનામાં રાજાઓ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવતાં. દુનિયાભરનું બધું જ સુખ હોય પણ 'ખોળાનો ખુંદનાર - પગલીઓ પાડનાર' ન હોય એ ઐશ્વર્ય ફિક્કું લાગે. આપણી કહેવાતી ભવ્ય સંસ્કૃતિની ઓળખ સમી પુત્રપ્રધાન અને પુરૂષપ્રધાન સમાજવ્યવસ્થા હજી એક વીસમી સદીમાં પણ અકબંધ છે. એક તરફ પુત્રસંતાન માટે લોકો પથ્થર એટલા દેવ કરે છે અને બીજી તરફ સરકારના લાખ પ્રતિબંધ છતાં કન્યા ભ્રૂણ હત્યાનો સિલસિલો અટકાવવાનું નામ લેતો નથી.

અહીં આપણી સામે 'સરોગેટ મધરના માંગલિક નામે ચાલી રહેલ ગરીબ સ્ત્રીઓની જિંદગી સામેના નઘરોળ અત્યાચારનો કિસ્સો છે. ધનવાન એન.આર.આઇ. પરિવારો પાસે હિન્દુસ્તાનની ભૂખી, લાચાર સ્ત્રી વરદાન સમી નીડવી છે. એની પાસે શૌચાલય જેવી જીવન જરૂરિયાતની પ્રાથમિક સુવિધાઓ ભલે નહીં હોય, પણ અનેક બાળકોનો ભાર ખમી શકે એવી તંદુરસ્ત કૂખ છે.' એની આ કૂખ એનાં પોતાના સંતાનો પૂરતી અનામત રહેવી જોઇતી હતી; ખુદ એને પણ એનું પેટ વેચવું કે 'ભાડે આપવું' ન જ ગમે. પરંતુ પેટનાં જણ્યાંને પાળવા - પોષવા અને પેટનો ખાડવો પૂરવા એવું શરમજનક અને લાચારીભર્યું કામ કરવા પણ એ તૈયાર થઇ જાય છે.

આણંદમાં એક મહિલા ગાયનેકોલોજિસ્ટે 'સરોગેટ મધર' વાળો આધુનિક કન્સેપ્ટ પ્રચલિત કર્યો. શરૂ શરૂમાં લોકો એ વિચાર સામે સુગાળવી નજરે જોતા હતા. ધીરે ધીરે એક 'અનિવાર્ય અનિષ્ટ' લેખે એ અણગમતા વિચારનો સ્વીકાર થતો ગયો. આખરે એનાથી જીવનની મહત્ત્વની સમસ્યાનો ઉકેલ મળતો હતો, કોરી કૂખની ભૂખ ભાંગતી હતી! માણસ એની જરૂરિયાતનો ગુલામ છે. જરૂરિયાત સંતોષવા માટે એ અણગમતાં સમાધાન કરવા પણ તૈયાર થઇ જતો હોય છે. વિજ્ઞાનની આ આધુનિક રિસર્ચ મુજબ એક સ્ત્રી એના પોતાના બાળકને બીજી સ્ત્રીની કૂખમાં ઉછેરે છે. આમ જુઓ તો કેવું માંગલિક, પુણ્યવંતુ કાર્ય! તમારી પાસે જે ખેતર છે તેમાં છોડ ઉછરી શકે એમ નથી; તમે તમારા ધરુને પાડોશીની મજૂરી લઇ પાડોશીના ખેતરમાં રોપો છો અને એ પાક લણી લો છો. એણે એનું ખેતર વાપરવા દીધું એના બદલામાં તમે એને ભાડું ચૂકવો છો. આમ જુઓ તો આ વહેવારનો સોદો ગણાય. પણ એનું આખેઆખું ખેતર ભેળાઇ જાય ત્યારે? એને એવો સોદો કેવો મોંઘો પડી જાય! તમે તો તમારો પાક લણી લીધો પણ એ તો બિચારો કાયમને માટે નવરો જ થઇ ગયો!

અમદાવાદના ક્લિનિકમાં આવી જ દુર્ઘટના ઘટી. કોઇ એક ગરીબ બાઇ એન.આર.આઇ. અમેરિકન દંપતિના સંતાનને પોતાની કૂખમાં ઉછેરવા તૈયાર થઇ. આમ જુઓ તો એને એ પરદેશી પંખીડાં સાથે શાં સ્નાનસૂતક? પરંતુ આગળ કહ્યું એમ પાપી પેટનો સવાલ હતો. પોતે સામાજિક રીતે પછાત ગણાતી કોમમાંથી આવતી હોઇ અઢી-ત્રણ લાખ જેવી માતબર રકમની લલચાઇને જ - નહીં કે કોઇ ઊંચા માનવતાવાદી આદર્શથી પ્રેરાઇને - એ એનું પેટ ભાડે આપવા કે વેચવા સંમત થઇ હશે. વચ્ચે કોઇ દલાલ પણ હશે જ, જેણે આ પહેલાં પણ આવાં 'સેતુ કાર્ય' કરી ખાસ્સું કમિશન રળી લીધું હશે. જો બધું જ હેમખેમ પાર પડ્યું હોત તો આ કિસ્સો મારા તમારા સુધી પહોંચ્યો જ ન હોત. એ બાબત ફક્ત બે દંપતિ, દલાલ અને એક તબીબ વચ્ચે જ ગોપનીય રહી હોત. પરંતુ કુદરત ક્યારેક વીફરી બેસે છે અને એની વિરૂધ્ધ રચાતાં કાવતરાંનો ભંડાફોડ કરીને જંપે છે. આ કિસ્સામાં પણ એમ જ બન્યું. 'સરોગેટ મધર' નો 'પેઇડ રોલ' ભજવતી ગરીબ સ્ત્રી છેલ્લા મહિના જતા હતા ત્યારે રૂટીન ચેકઅપ માટે ડોક્ટરને બતાવવા ગઇ. ત્યાં અચાનક એને આંચકી શરૂ થઇ એટલે સ્વાર્થી ડોક્ટરે પહેલું કામ એના ગર્ભાશયને ચીરીને હેમખેમ મહામૂલું બાળક બચાવી લેવાનું કર્યું! બાઇનો જીવ જોખમમાં લાગતાં એને પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં દાખલ કરાવી પોતાની જવાબદારી પૂરી થઇ ગયાનું માની લીધું. બાઇ ન બચી!

આ કોઇ સામાન્ય ગુનો નથી. ગરીબડા વાઘેલા પરિવારને તો થોડાં ફદિયાં રોડવી દઇ ચૂપ કરી શકાશે, પણ કુદરત આ પાપીઓને માફ નહીં કરે, સંતાન ભૂખ્યા એન.આર.આઇ. દંપતિ કરતાં આ કિસ્સામાં તજજ્ઞ કહેવાતા તબીબનો જ સ્વાર્થ સવિશેષ છાપરે ચડીને બોલે છે. માતા અને બાળક - બેઉને બચાવવાની પ્રામાણિક કોશિષ છતાં જયારે પરિસ્થિતિ કાબૂ બહાર જતી લાગે ત્યારે 'મોટો જીવ' અર્થાત્ માતાને બચાવવાનો પ્રયાસ થવો જોઇએ. અહીં સૌ પહેલાં પેલું 'સોનાનું ઇંડું' બચાવી લેવાયું; અને મરઘીને હલાલ થવા દેવાઇ; ભાડે લીધેલી હતી ને! આ એક જ કિસ્સાથી 'સરોગેટ મધર' નાં માંગલિક કન્સેપ્ટ પાછળની સ્વાર્થી ભદ્ર માનસિકતાનો ભેદ ખૂલી નથી જતો શું? તમે શું માનો છો?

# વિજ્ઞાનમાં રસ અને જીજ્ઞાસા જગાડતું વિશિષ્ટ પુસ્તક પ્રકાશન

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

વિજ્ઞાનને આપણે વિશેષ અને વિશિષ્ટ રીતે મેળવેલું જ્ઞાન કહીએ છીએ. ટેકનોલોજીએ વિજ્ઞાનના જ્ઞાનનો વ્યવહારું ઉપયોગ છે. તેની સીધી અસર સમાજ પર થાય છે. વિજ્ઞાનનો વિકાસ સંશોધનના પગલે રોજબરોજ થતી નવી શોધખોળને પરિણામે થાય છે. વિજ્ઞાનની વાતમાં સતત નવી માહિતી ઉમેરાતી રહે છે. વિકસતું વિજ્ઞાન ત્યારે જ ઉપયોગી બની શકે છે. જયારે સામાન્ય માનવી સુધી એ પહોંચે અને એનો લાભ એ લઇ શકે છે. મોટા મોટા વિજ્ઞાનીઓ જે સંશોધનો કરી રહ્યાં છે તેને લોકો સુધી પહોંચાડવાની જરૂર છે. એ માટે માત્ર વિજ્ઞાનીઓને જ સમજાય એવું માજ્ઞ સૈધ્ધાંતિક પ્રાંડિત્ય પ્રચુર લખાણ લખવાને બદલે સામાન્ય માનવી પણ સમજી શકે તેવું લોકભોગ્ય લખાણમાં વિજ્ઞાનની માહિતી પીરસવામાં આવે તો સમાજ જનસમાજના માનવી અને વિદ્યાર્થીનો પણ તેમાં રસ પડે.

આજે આપણે વિજ્ઞાન વિષયમાં રસ પડે અને આધુનિક સંશોધનોના મુદ્દાઓ સરળ રીતે સમજાય તેવા પુસ્તકની વાત કરવી છે. ડો. કિશોર પંડ્યા લિખિત પુસ્તક 'વિજ્ઞાન રસ' માંથી પસાર થતાં વાચકને આ પ્રકારની લાગણી થયા વિના રહેતી નથી. લેખકે આ પુસ્તકમાં વિજ્ઞાનના વિકાસ સાથે આધુનિક સંશોધનના મુદ્દાઓને પણ સરસ રીતે સમજાવવાનો સુંદર પ્રયત્ન કર્યો છે. આ પુસ્તક કુલ ૧૮ પ્રકરણોમાં વહેંચાયેલું છે. રસાયણ વિજ્ઞાનના વિકાસ સાથે આજ સુધી યુધ્ધમાં વપરાયેલાં રાસાણયિક શસ્ત્રો અંગે પ્રાથમિક જાણકારી આપી છે. તો માણસ ઘરડો કેમ થાય છે? તે પ્રશ્નનાં જવાબ રૂપે આજે જનીન દ્રવ્યના ક્ષેત્રમાં કોઇ સંશોધનનો થઇ રહ્યા છે. તેની વાત પણ લેખકે સામાન્ય વાચક સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. પુસ્તકમાં એકબીજા સાથે સંમતિ થઇ શકે તેવા વિષય હોવા છતાં દરેક વાતને લેખક સ્વતંત્ર રૂપે મુકે છે. જેથી લોકોને રોજિંદા જીવનમાં જે કાંઇ ઉપયોગી હોય તેની વિશેષ જાણકારી મળી રહે અને લોકોનો 'વિજ્ઞાન રસ' કેળવાય.




આજે ટેલિવિઝનની બોલબાલા છે. ત્યારે સિનેમા માટેનાં કેમેરાની શોધ કરનારાના જીવન વિશે જાણવું પણ રસપ્રદ બની રહે. વળી પ્રવાહી હવાને પથગારે, રેફ્રિજરેટ, અને દક્ષિણ ધ્રુવ વિશે સૌ નાગરિકોને કાંઇક વિશેષ જાણકારી મળી રહે અને તેઓમાં જાગૃતિ આવે તથા વિજ્ઞાન રૂચિ પણ કેળવાય તેવો લેખકનો શુભાશય અહીં સિધ્ધ થતો જણાય છે. વિજ્ઞાનરસ પુસ્તકની વિશેષતા એ છે કે તેના દરેક પ્રકરણમાં માહિતીની સચોટતા અને વાચકને રસ જાગૃત થાય તેવી તસ્વીરો મુકવામાં આવી છે જેમાં મુકવામાં આવેલી આકૃતિઓ વાતની ખુબ સરસ અને સરળ રીતે સમજાવવામાં ઉપયોગી થાય છે. લેખકે વિદેશી વિજ્ઞાનીઓની સાથે સાથે ભારતના તે ક્ષેત્રના જુદી જુદી સદીઓમાં થઇ ગયેલાં મહાન વિજ્ઞાનીઓની પણ માહિતી આપી છે. જેમ કે, વાગ્ભટ્ટ, વૃંદા, નાગાર્જુન, ગોવિંદ ભાગવત, સોમદેવ, યશોધર, રામચેયુ, ગોપાળ કૃષ્ણ, કવિરાજ વગેરે...

હાલમાં વિશ્વ આખું જેનાથી ત્રસ્ત છે તે આતંકવાદી પ્રવૃતિમાં વપરાતાં આર.ડી.એક્સનો ઉપયોગ છેક બીજા વિશ્વયુધ્ધથી થતો આવ્યો છે. બ્રિટને આ વિસ્ફોટકનું નામ 'રિસર્ચ ડિપાર્ટમેન્ટ એક્ષપ્લોઝીવ' એવું રાખેલું તેથી આર.ડી.એક્સ તરીકે તે ઓળખાય છે.

'વિજ્ઞાન રસ' પુસ્તકમાં લેખક ડો. કિશોર પંડ્યાએ મોડાસા - આર.પી.ટી. સાયન્સ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપેલ છે. તેમનો જન્મ તા. ૧૨-૧-૧૯૫૨ ના બોટાદ (બરવાળા ઘેલાશા) ખાતે થયો હતો. એમ.એસ.સી., પી.એચડી. થયા બાદ બીલીમોરા વી.એસ. પટેલ સાયન્સ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. તેમના વિજ્ઞાનપથ પુસ્તકને ગુ.સા. અકાદમીનું પારિતોષિક મળેલું છે. તેમણે વિજ્ઞાન બક્ષી બાળ સાહિત્યનું સુંદર સર્જન કર્યું છે. જેમાં રેત માનવ, લાલની રાણી, અવકાશી ભંગારની આસપાસ, ઇન્સ્પેક્ટર અર્જુન તેમજ વાર્તા સંગ્રહ કબૂતર હજી જીવે છે.' આપેલ છે.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ દ્વારા પ્રગટ થયેલ 'વિજ્ઞાન રસ' પુસ્તક વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિજ્ઞાનમાં રસ લેનાર સૌ કોઇની જીજ્ઞાસા સંતોષે અને ઉપયોગી થઇ પડે તેવું પ્રકાશન છે. જે માટે તેમને અભિનંદન આપીએ તેટલા ઓછા પડે તેમ છે.

**'વિકાસ રસ'**
**લેખક - ડો. કિશોર પંડ્યા**
**પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**
**કિંમત - રૂા. ૯૦/-**
**પૃષ્ઠ - ૧૫૪**

# ઘરના બધા દેવા સાથે મકાન વિશેની ચર્ચા કરતા હતા, ત્યાં મકાન માલિક બે-ત્રણ ઘરાકને લઈને મકાનમાં દાખલ થતાં સંધ્યાના માતા-પિતાની હૃદયની ધડકન વધી ગઈ

## પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૦)

- જયંતીલાલ મકવાણા

(ગતાંકથી આગળ...)

સંધ્યા તાત્કાલિક ડૉકટરને બોલાવી લાવી. ડૉકટર સાહેબ તપાસ કરતાં કહ્યું, "કોઈ ચિંતાને લઈને તેમને આઘાત લાગ્યો છે. ડૉકટર સાહેબે ઈન્જેકશન આપ્યું અને દવા પીવરાવી પછી કહ્યું, 'દવાનું ઘેન ઉતરતા સારું થઈ જશે. બહારની દવા લખી આપું છું, તે દિવસમાં ત્રણ વખત આપજો." દવાનું કાગળ સંધ્યાના હાથમાં આપતાં ડૉકટર સાહેબ ઘરમાંથી બહાર નીકળ્યા.

સંધ્યાના હૃદયની ધડકન વધી ગઈ. પિતાજીને કોઈ ચિંતા હોય તેવું લાગે છે. દેવાએ આર્થિક સહાય કરતા પિતાજીને હિંમત આવી ગઈ હતી. શેઠને ભાડાના પૈસા આપ્યા તો પછી ચિંતા કઈ બાબતની હોય! આમ વિચારતા તે બહારની દવા લઈ આવી અને પિતાજી ભાનમાં આવે એની રાહ જોવા તેમના પાસે જ બેસી રહી.

પિતાજી ઘસઘસાટ ઊંઘતા હતા. આથી સંધ્યાએ તેની મમ્મીને એકબાજુ બોલાવી કહ્યું, "મમ્મી, મકાન માલિકને ભાડાના રૂપિયા આપી દીધા. પછી પપ્પાને આઘાત કઈ બાબતનો લાગ્યા?" સંધ્યાએ એના મમ્મીને પૂછ્યું.

"બેટા, ભાડાના રૂપિયા તો આપી દીધા પણ શેઠે તારા બાપુને મકાન વેચી દેવાની વાત કરતા તારા બાપુના માથે ઝાડ ઉગતા આઘાત સહન ન કરી શકયા!"

"આપણા મકાન માલિકે એક મહિનામાં મકાન વેચી દેવાની વાત કહી છે. આ મકાન આપણે ખાલી કરી દેવાનું છે?" સંધ્યાના મમ્મીએ કહ્યું.

"આ મકાન ખાલી કરવાનું છે?" સંધ્યાએ ધડકતા હૈયે પૂછ્યું,

"હા, બેટા તારા પિતાજીને એની જ ચિંતા છે કે હવે જાવું ક્યાં? નવા મકાનમાં તો ભાડા પણ વધારે હોય ને?" આવા સમયે આપણને આસરો કોણ આપે! મકાન ખાલી કરતા આપણે આસરા વગરના થઈ જઈએ."

સંધ્યા મમ્મીના શબ્દો સાંભળતા અવાક્ થઈ ગઈ. તેનું હૈયું ભરાઈ આવ્યું ચૂપચાપ થઈ તેની મમ્મીનાં ખોળામાં માથું નાખી આંસુ સારવા લાગી.

"બેટા, શાંતિ રાખ ભગવાન કાંઈક રસ્તો કાઢશે! ચિંતા તો ચિતાથી પણ વધારે ખરાબ છે. આગનો સ્વભાવ છે કે માણસને બાળીને ખાખ કરી નાંખે પણ તારા પિતાજીના હૈયામાં એવી આગ લાગી છે તે માણસ બળતા બળતા જીવે ને માણસને અધમુવો કરી નાંખે."

"મમ્મી, શેઠે તો દાઝ્યા ઉપર ડામ દીધો હોય તેવું લાગે છે. જાતી જિંદગીમાં મારા પિતાજીને દુઃખ દીધું. એમની ચિંતામાં વધારો કર્યો. અને આવા સમયે પિતાજી ને આઘાતતો લાગે, ઉદાસ થતાં સંધ્યાએ કહ્યું."

"બેટા, સંધ્યા, તને જો નોકરી મળી જાય તો ડુબતાને તરણુ મળી જાય!"

"હા, મમ્મી, પણ આ બધા હવાઈ કિલ્લા બાંધવા જેવું છે."

મા-દીકરી વાતો કરતાં હતા ત્યાં સંધ્યાના પિતાજી સળવળતા બોલ્યા, પાણી...

"હા... બાપુ... પાણી લાવું છું." પાણીનો ગ્લાસ લઈ આવી તેણીએ પિતાજીને પીવરાવ્યું, પછી જયુસ બનાવી આપી કહ્યું, "બાપુજી, આ જયુસ પી જાવ એટલે શક્તિ રહે!"

સંધ્યાના પિતાજીએ જયુસ પીધું. પછી દવા આપી. ધીમે ધીમે તે સ્વસ્થ થતાં સંધ્યાના માથે હાથ ફેરવતાં કહ્યું "તારા મમ્મી જમ્યા?"

"બાપુજી તમને હવે કેમ છે? બાની ચિંતા તમે શા માટે કરો છો?"

"બેટા, તારા મમ્મી સવારના ભૂખ્યા છે." એમ બોલતા તે ખાટલામાં બેઠા.

સંધ્યાના મમ્મીએ પૂછયું, "થોડા દાળ-ભાત આપું?"

"હા.. હા... હવે મને સારું છે આપણે ત્રણેય સાથે જ મવા બેસીએ."

પિતાજીને સારું થતા ત્રણેય સાથે જમવા બેઠા. જમી લીધા પછી સંધ્યાએ પૂછયું, "બાપુજી અચાનક તમારી તબિયત કેમ બગડી ગઈ?"

"બેટા, શરીર છે તો બગડે પણ ખરું"

"ના બાપુ, તમે તો હિંમતવાળા છો આજ સુધી તમને કોઈ દિવસ આવું નથી થયું એટલે તેમને કોઈ ખાસ પ્રકારની ચિંતા સતાવતી હોય તેવું લાગે છે?"

યુવાનને સમજદાર દીકરી પાસે ખોટું બોલવું એના કરતાં સાચી હકીકત કહી દેવી યોગ્ય લાગતાં સંધ્યાના પિતાએ કહ્યું, "બેટા, મકાન માલિકે એક મહિનાની મહેતલ આપી છે, ને કહ્યું કે મકાન ખાલી કરી દેજો અથવા ખરીદવું હોય તો પહેલો હક્ક તમારો છે." બોલતાં બોલતાં સંધ્યાના પિતાજીની આંખમાંથી આંસુ સરી પડ્યા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૨૧મી મે**

**અમેરિકા ખંડ શોધનાર કોલંબસની પુણ્યતિથિ**



- ૧૫૦૬ ની ૨૧મી મે અમેરિકા ખંડ શોધનાર ક્રિસ્ટોફર કોલંબસની પુણ્યતિથિ.

વાસ્તવમાં ભારત અને એશિયા ખંડમાં જવાનો સમુદ્ર માર્ગ શોધવા નીકળેલાં કોલંબસને 'નવા જગત' અમેરિકાની ભાળ મળી. તેમની આ ક્રાંતિકારી શોધ વિશ્વનો નકશો બદલી નાખ્યો.

- ૬૪૪ ની ૨૧મી ઔરંગઝેબ મોગલ બાદશાહ તરીકે ઘોષિત થયો.



- ક્રિકેટર લાલા અમરનાથનું અવસાન ૧૯૪૦.
- ૧૯૩૩ થી જર્મન અભિનેત્રી માર્લિન ડ્રીટીચના પગલે પગલે મહિલાઓએ પુરૂષો જેવા કપડાં પહેરવાનું શરૂ કર્યું.